**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૨ ટકા ● સાંજે ૨૦ ટકા

# શહેરમાં મહારાણા પ્રતાપની ૪૭૭મી જન્મજયંતિ ઉજવાઈ



આજે મહારાણા પ્રતાપ જયંતિ તથા આમૂલ પરિવર્તન દિવસની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગરની રાજપૂત સમાજની સંસ્થાઓ દ્વારા સે-૧૭થી પેથાપુર સુધીની શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે નીકળેલી આ શોભાયાત્રામાં રાજપૂત સમાજના સભ્યો, યુવાનો, મહિલાઓ તથા બાળકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ખુલ્લી જીપો, મોટર સાઈકલો, સ્કૂટરો, કાર તથા ઘોડેસવારોથી સજ્જ આ શોભાયાત્રામાં ખુલ્લી તલવારો સાથેની રાજપૂત યુવતિઓ વિશેષ આકર્ષણ બની હતી. શોભાયાત્રા દરમિયાન રાજપૂત યુવાનો તથા યુવતિઓએ પણ ડીજેના તાલે તલવારબાજી સહિતના કસબ બતાડતા નગરજનો દંગ રહી જવા પામ્યા હતા. પેથાપુર સર્કલે પહોંચી મહારાણા પ્રતાપની પ્રતિમાને શ્રધ્ધાસુમન અર્પણ કરવા સાથે તેની પૂજા અર્ચના કરવામાં આવી હતી. આ શોભાયાત્રામાં શહેરના રાજપૂત અગ્રણીઓ પણ જોડાયા હતા.

## આજથી શહેરમાં ગાંધી ફુટબૉલ ટૂર્નામેન્ટનો પ્રારંભ

ગાંધીનગર, તા.૯

બાળકોને રમત ગમત ક્ષેત્રમાં પરત ખેંચી લાવવા ગાંધીનગરની કેટલીક સંસ્થાઓએ બાથ ભીડી છે. ગાંધીજીનું સ્વપ્ન હતું કે દરેક બાળક રમત ગમત ક્ષેત્રે ભાગ લઈ સ્વસ્થ જીવન જીવે. જે અંતર્ગત એક ટૂર્નામેન્ટનું આયોજન કરાયું છે. આ સંસ્થાઓમાં મુકેશ પટેલ સંચાલિત કેપિટલ ક્રિએટીવ કલબ, રાજેન્દ્રસિંહ ચાવડાની પાટનગર ફ્રેન્ડસ કલબ, કિરીટ પરેરાની મેરા ભારત મહાન ફેન કલબ, શકિતસિંહ વાઘેલાની યુથ સર્કલ, રમેશ દેસાઈની સ્પોર્ટસ ઈવેન્ટ, જિતેશ ટેલરની સિદ્ધિ વિનાયક ફ્રેન્ડ કલબ જેવી સંસ્થા સાથે મળીને ગાંધી ફુટબૉલ ટૂર્નામેન્ટનું સ્વપ્ન સાકાર કરવા જઈ રહ્યા છે. ગાંધી ફુટબૉલ ટૂર્નામેન્ટનું ઉદઘાટન તા. ૧૦-૫-૨૦૧૭ના રોજ સાંજના ૫ વાગે શરુ થશે. તે દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાશે ત્યારબાદ ફ્રેન્ડલી ફુટબૉલ મેચ રમવા સાથે ટૂર્નામેન્ટનો પ્રારંભ કરાશે.

આ ભવ્ય કાર્યક્રમ ટર્ફ ઘ-૧ ગ્રાઉન્ડ, ચેહરમાતાજીના મંદિર પાસે સે-૩-૭ ગાંધીનગર ખાતે યોજાશે. આ ફુટબૉલ ટૂર્નામેન્ટમાં ૮ વર્ષથી ૧૫ વર્ષ સુધીના ૨૦૦ બાળકોએ ભાગ લીધેલ છે. આ ટૂર્નામેન્ટ પહેલા આ બાળકોએ તા. ૧થી ૯ સુધી ફુટબૉલ ટ્રેનિંગ કેમ્પમાં તાલીમ લીધેલી જે બાળકો આ ગાંધી ફુટબૉલ ટૂર્નામેન્ટમાં પણ ભાગ લેશે. આ ફુટબૉલ ટ્રેનિંગ કેમ્પમાં સિધ્ધાર્થ નાયક, વિરેન્દ્રસિંહ વાઘેલા, અનુ ઠાકોરે ભારે જહેમત ઉઠાવી છે. તા. ૧૧મીથી ફુટબૉલ ટૂર્નામેન્ટ શરુ થશે. જેમાં ૬૦ ટીમો ભાગ લેશે જેમાં ૧૦ દિવસ સુધી સવાર-સાંજ ટૂર્નામેન્ટ યોજાશે. આ ફુટબૉલ ટૂર્નામેન્ટની ફાઈનલ મેચ તા. ૨૦ના રોજ સાંજના ૭ થી ૧૦ કલાક દરમિયાન ભવ્ય રંગારંગ કાર્યક્રમ તથા ઈનામ વિતરણ કાર્યક્રમ કરી પૂર્ણાહુતિ થશે. આ કાર્યક્રમને ૫ સંસ્થાના સહયોગથી સફળ કરવા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. આ આયોજન સમિતિમાં કિરીટભાઈ પરેરા, મિહિર પટેલ, મગનભાઈ પરમાર, સોમાભાઈ પરમાર, દિપસિંહ ઝાલા, પારૂલબેન પટેલ, જે.ટી. સિંઘ, અશ્વિન સુહાન, જૈમિન શુકલ, સાહિલ શાહ, ધ્રુવ પટેલ, સુરેશ મેકવાન, જીગ્નેશ મકવાણા, મુકેશ મારૂ વગેરે બાળકોના સ્વાસ્થ્ય માટે તેમજ બાળકોના વ્યકિતત્વ વિકાસ તેમજ બાળકોને રમત ગમત માટે પ્રોત્સાહિત કરવા કૃતનિશ્ચયી થયા છે.

## ડેપોમાંથી મહિલા મુસાફરના પર્સમાંથી લાખ રૂપિયાના દાગીનાની ચોરી

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં આજે સવારના અરસામાં બસમાં ચઢતી વખતે ભીડભાડનો લાભ લઈ એક મહિલા મુસાફરના પર્સને ગઠીયાઓએ ટાર્ગેટ બનાવી અંદરથી રૂ. ૧ લાખના દાગીના સેરવી લીધાની ઘટના બનવા પામી હતી. ડેપોમાં પીક પોકેટર્સને ખુબ જ હળવાશથી લેવાનું પોલિસને ભારે પડયું હોવાનું આ ઘટના પરથી કહી શકાય તેમ છે. ડેપોમાં પોલિસ ચોકીની જગ્યા માટે એસ.ટી. તંત્રએ છુટ આપી હોવા છતાં પોલિસે હજુ સુધી ચોકી માટેનો રૂમ પસંદ ન કરી દાખવેલી નિરસતા પીક પોકેટર્સ માટ આશીર્વાદ રૂપ સાબિત થઈ છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક કોલવડા રોડ પર આવેલા સ્પ્રીંગવેલી ફલેટમાં રહેતા વિધવા મહિલા મનશાબા રશિકસિંહ ઝાલા આજે સવારે સવા નવ વાગ્યાના અરસામાં ગાંધીનગર એસ.ટી. ડેપો આવ્યા હતા. વડનગરથી જૂનાગઢ જતી એસ.ટી. બસમાં બેસવા મહિલા બસમાં ધક્કામુક્કી વખતે ચઢયા અને બસમાં બેઠા બાદ ટીકીટ લેવા માટે પર્સ હાથમાં લીધું તો પર્સને બ્લેડ મારેલી જોવા મળી હતી. પર્સમાં તપાસ કરી તો અંદર પડેલા રોકડ રૂ. ૧૨૦૦ તથા સોનાના દાગીના ચેઈન, પેન્ડલ અને બે વીંટીઓ ગાયબ હતી. રૂ. ૧ લાખની કિંમતના દાગીના તથા રૂ. ૧૨૦૦ રોકડ મળી કુલ રૂ. ૧,૦૧,૨૦૦નો મુદ્દામાલ પર્સને બ્લેડમારીને ચેકો પાડી દીધા બાદ સેરવી લઈ મુસાફરના સ્વાંગમાં આવેલો ગઠીયો પલાયન થઈ ગયો હતો. મહિલા બસમાંથી ઉતરીને સે-૭ પોલિસ સ્ટેશને ફરિયાદ લખાવા ગઈ હતી. પોલિસે ચોરી અંગે ગુનો દાખલ કરી પીએસઆઈ એસ.ડી.ચૌધરીએ ડેપોના સીસીટીવી તપાસી ગઠીયા સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.

## કુડાસણની શ્રીનાથ હોમ્સમાં કોબ્રા નાગે દેખા દીધી

ગાંધીનગર, તા.૯

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારની શ્રીનાથ હોમ્સ સોસાયટી ખાતે ગઈ કાલે રાત્રે કોબ્રા નાગે દેખા દીધી હતી. સોસાયટીની એક દિકરીએ આ કોબ્રાને જોઈ લેતા રહીશોને જાણ કરી હતી. ભારે મથામણને અંતે શહેરના સ્નેક કેચર યુવાને આ કોબ્રાને સલામત રીતે પકડી જંગલમાં છોડી મુકયો હતો ત્યારે રહીશોને હાશકારો થયો હતો.

શ્રીનાથ હોમ્સ સોસાયટીમાં



રાત્રે આશરે ૧૧ વાગ્યાના સુમારે દેવર્ષિ જોષી નામની દિકરીએ સોસાયટીના બગીચા પાસે કાળો સાપ જોયો હતો એટલે એણે તુરંત જ તેના પિતા તથા સોસાયટીના અન્ય રહીશોને આ બાબતે જાણ કરી હતી. થોડીક વારમાં સોસાયટીના રહીશો એકઠા થઈ જવા પામ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ પણ એકત્ર થઈ ગઈ હતી. પોતાની સામે માનવ ટોળું જોઈ કોબ્રા નાગ પણ કુંડળી મારી ફેણ ચઢાવીને બેસી ગયો હતો અને વારંવાર ફુત્કાર મારી પોતાની સુરક્ષા માટે સતેજ થઈ જવા પામ્યો હતો. બીજી તરફ સોસાયટીના કેટલાક રહીશો ધાર્મિક ભકિતભાવથી નાગનું દેખાવું સોસાયટી માટે શુભ શુકન હોવાની ચર્ચાએ ચઢયા હતા અને નાગદેવતાના દર્શન કરવા લાગ્યા હતા. આ સમયે સોસાયટીના સિકયુરિટી ગાર્ડ તથા રહીશ ધર્મેશ જોષીએ સેકટર-૪માં રહેતા સ્નેક કેચર યુવાન ભાર્ગવભાઈનો સંપર્ક સાધી તેમને બોલાવી લીધા હતા. તેમણે આવીને આ સાપ નાગ હોવાનું જણાવતા સલામત રીતે તેને એક બરણીમાં પુરી દીધો હતો. આ સાપને તેમણે સોસાયટીમાંથી લઈ જઈ દૂર જંગલ વિસ્તારમાં સલામત છોડી આવતા સોસાયટીના રહીશોને હાશકારો થયો હતો.



ભાજપ યુવા મોરચા દ્વારા આયોજિત સ્વામી વિવેકાનંદ રમતોત્સવ અન્વેય ખેલાડીઓ ક્રીકેટ, વોલીબોલ તેમજ કબડ્ડી સહીતની રમતોમાં ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. વોલીબોલ કેપ્ટન હીતેન્દ્રસિંહ વાઘેલા અને કબડ્ડીના કેપ્ટન સંદિપની ટીમે યુવા મોરચાના અધ્યક્ષ અમિત પટેલ મહામંત્રી જિગ્નેશ પટેલ તેમજ યુવરાજસિંહ ચાવડાના નેતૃત્વ હેઠળ વિજય મેળવ્યો હતો. આ તબક્કે ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, પ્રદેશ મહામંત્રી કે સી પટેલ તેમજ યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ઋત્વિજ પટેલ મહાનગર ભાજપના અધ્યક્ષ મહેન્દ્ર પટેલ સહીતના આગેવાનોએ ગાંધીનગર ટીમને પ્રોત્સાહીત કરી હતી.



ગાંધીનગરવાસીઓને પરેશાનીઓની આદત પાડવી પડશે તેવું લાગે છે. સેકટર-૫-બીમાં પ્લોટ નં. ૫૭૯/૨માં વોશીંગ ઘાટમાં ગટરનું પાણી 'બેક' મારે છે. આ બાબતની ફરિયાદો કરવા છતાં કોઈ આ તરફ ફરકયું સુધ્ધાં નથી. રહીશો એકથી બીજા વિભાગમાં ઝોલા ખાય છે પણ પરિસ્થિતિ યથાવત જ છે. 'બેક' મારતા ગટરના પાણીથી દુર્ગંધનું વાતાવરણ ફેલાયું છે તેમજ રોગચાળાનો ભય પણ સેવાઈ રહ્યો છે. આ જ વિસ્તારના બીજા મકાનોમાં પણ આવી જ સમસ્યા છે. સ્થાનિક કોર્પોરેટરો અને તંત્ર દ્વારા સત્વરે કાર્યવાહી થાય તેવી સેકટરવાસીઓની માંગણી છે.

## મુસાફરના સ્વાંગમાં દારૂની હેરાફેરી કરતો શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૯

રાજસ્થાનથી લકઝરીમાં બેસીને મુસાફરના સ્વાંગમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગરને ચિલોડા સર્કલ પાસેથી ગાંધીનગર એલસીબીની ટીમે દબોચી લીધો હતો. ત્રણ સફેદ કોથળામાં ઘરવખરીના સામાનની જેમ વિદેશી દારૂની બોટલો ભરીને આ શખ્સ અમદાવાદ જઈ રહ્યો હોવાનું તપાસમાં ખુલ્યુ છે. રૂ. ૨૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરીને એલસીબીની ટીમે ચિલોડા પોલિસ મથકમાં ગુનો દાખલ કરાવી તપાસ સોંપી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમના પીએસઆઈ કૃણાલ પટેલ તથા અન્ય સ્ટાફના માણસો ચિલોડા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ



મનુજીને બાતમી મળી હતી કે ચિલોડા સર્કલથી અમદાવાદ તરફ જવાના માર્ગની ડાબી બાજુએ એક શખ્સ સફેદ પ્લાસ્ટીકના કોથળામાં વિદશી દારૂ લઈ અમદાવાદ જવાનો છે તે આધારે ચિલોડા સર્કલ પાસે બાતમી વાળા સ્થળે પહોંચી આ શંકાસ્પદ શખ્સને પકડી તેના કોથળા તપાસ્યા હતા. રાજસ્થાનના ભીલવાડાના આ ૨૧ વર્ષીય શખ્સ કમલેશ ભેરૂજી સ્વાલકા (કમાલ)ને પકડી તેના કોથળા ચેક કરતા તેમાથી ૬૫ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. એલસીબીએ રૂ. ૨૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરી લઈ કમલેશની પુછપરછ કરતા તે લકઝરીમાં મુસાફરના સ્વાંગમાં રાજસ્થાનથી ચિલોડા આવ્યો હતો અને અમદાવાદમાં દારૂ પહોંચાડવા જઈ રહ્યો હોવાનું બહાર આવ્યું છે આ મામલે ચિલોડા પોલિસે વધુ તપાસ શરુ કરી છે.

# શહેરની ફુટપાથો વાહનચાલકો માટે શોર્ટકટ


### ફુટપાથો ઉપર બેફામ દોડતા વાહનોથી રાહદારીઓના માથે ઝળુંબતું જોખમ, તંત્રના દુર્લક્ષથી ફુટપાથો તુટવા લાગી

ગાંધીનગર, તા.૯

રાજયભરમાં એકમાત્ર શહેર ગાંધીનગર તેની ભૌગોલિક રચના થકી મોકળાશ અનુભવે છે. જેમાં પહોળા રસ્તા તેમજ રાહદારીઓ માટે ફુટપાથ એ અગત્યનો ભાગ ભજવે છે. પરંતુ દિન પ્રતિદિન નાગરિકોની વૃત્તિ અને તંત્રના દુર્લક્ષથી શહેરમાં સુવિધાઓની માવજત થતી નથી અને તેનો ભરપૂર દુરુપયોગ થઈ રહ્યો છે. જેમાં શહેરની શોભા ગણાતી ફુટપાથોને વાહનચાલકોએ શોર્ટકટ માર્ગ તરીકે ઉપયોગ કરીને રાહદારીઓની હાલત કફોડી બનાવી દીધી છે. ભારે વાહન પણ ફુટપાથ ઉપર દોડાવી ફુટપાથને નુકસાન પણ કરી રહ્યા છે. છતાં તંત્રની આ બાબતે ગંભીર બેદરકારીથી કરેલો મસમોટો ખર્ચ ફોગટ બની રહ્યો છે.

શહેરના પહોળા રસ્તાઓ વાહનચાલકો માટે આર્શીવાદ રૂપ બન્યા છે. શહેરના વિકાસ સાથે વસ્તીમાં પણ થયેલો વધારો હાલ વાહનોની સંખ્યા ઉપરથી સ્પષ્ટ વર્તાઈ રહ્યો છે છતાં પણ નગરના અસ્તિત્વ સાથે માર્ગોને પ્રથમથી જ પહોળા રાખવાની અગમચેતી હાલમાં નગરજનોને હાશકારો આપી રહી છે. સુવિધાનો પધ્ધતિસર ઉપયોગ થાય તો તેની શોભા વધે છે અને ટકાઉ બને છે પરંતુ કેટલાક નગરજનો માર્ગોની બાજુમાં બનાવેલી સુંદર ફુટપાથ પર વાહન હંકારી ભંગાર બનાવવા મચી પડયા છે. પોતાની સોસાયટીમાં કે ઘરે જવા ટૂંકા માર્ગ તરીકે આ ફૂટપાથનો ઉપયોગ કેટલાક લોકો કરી રહ્યા છે. જેમાં બેફામ રીતે હંકારાતા વાહનો ફુટપાથ ઉપર જઈ રહેલા રાહદારી માટે આફત બની રહ્યા છે.

વધુમાં શહેરની ફુટપાથો ઉપર દબાણો વધી ગયા છે. લોકો ધંધા કે વ્યવસાય ફુટપાથ ઉપર કરીને અડચણો પેદા કરી રહ્યા છે તો વળી કેટલાક વાહનોનું પાર્કીંગ પણ ફુટપાથ ઉપર કરે છે તેમજ કેટલાક સ્થળોએ ફુટપાથને તોડીને માર્ગ કરી દેવાયા છે. શહેરમાં શહેરીજનો સવાર સાંજ ચાલવા નીકળે છે જેમને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેમજ શહેરની આ શોભા આવા કારણો થકી વેરણ છેરણ થઈ રહી છે છતાં પણ તંત્ર આ અંગે કોઈ જ કાર્યવાહી કે તત્પરતા દાખવી રહ્યું નથી જેનાથી રાહદારીઓમાં ભારે આક્રોશ ફેલાયો છે. કેટલાક રાહદારીઓ ફુટપાથોની માવજત માટે સીસીટીવી કેમેરાનો આગ્રહ સેવી રહ્યા છે જેથી દંડનાત્મક કાર્યવાહી થઈ શકે અને શહેરની સુવિધાઓની જાળવણી પણ થઈ શકે જે સંજોગો આધિન બની ગયું છે.



## આઈ લવ માય ગાંધીનગર



**ગિરીશ 'નીલગિરિ'**
પ્રમુખ
સંગાથ સેવા ટ્રસ્ટ

**ગાંધીનગર ગમે**

આ શહેરે દિવસે દિવસે પોતાની ઓળખ કલા, સંસ્કૃતિ, સાહિત્ય દ્વારા બદલી, નવી છાપ ઊભી કરી, ધાર્મિક પ્રવૃત્તિઓમાં એને રસ જાગ્યો ને સેવાકીય પ્રવૃત્તિઓ તો ખરી જ. આ બધાં કારણોથી લાગણીવિહીન ગાંધીનગર લાગણીશીલ બન્યું અને એટલે મનમાં વસી ગયું.

**નગરજનો**

જુદી જુદી પ્રાદેશિકતા ધરાવતા માનવો અહીં વસે છે. લોકોની બોલી પણ જુદી જુદી છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

આ શહેરમાં સેવાકીય સંસ્થા દ્વારા યોજાતા નવરાત્રી મહોત્સવ નગરનું આગવું આકર્ષણ. નવ દિવસ નાત-જાત, વેરભાવ વગર મન મૂકીને માતાજીની આરાધના ખૂબ સરસ રીતે અહીં થાય છે તે ગમે છે.

ઉપરાંત શિયાળાની વહેલી સવારે ગરીબ શ્રમિકો, અનાથોને દાનવીરો ધાબળા ઓઢાડી ચાલ્યા જાય છે, એમને મારા સલામ.

**નગરને બહેતર બનાવવા**

યુવાધનને ધાર્મિક તેમજ વ્યસનમુક્ત બનાવવા આયોજન કરવું જોઈએ.

**નગર માટે હું કરી શકું**

નાગરિકો તેમજ સિનિયર સિટિઝન્સ માટે, તેમને લગતા પ્રશ્નોના નિરાકરણ તેમજ સેવાકીય પ્રવૃત્તિઓ માટે હું તત્પર રહીશ.

## @ગાંધીનગર

● સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજ દ્વારા સંત શ્રી ભોજલરામ બાપાની ૨૩૨મી જન્મ જયંતિ નિમિત્તે સે-૭-સીમાં સમાજભવન ખાતેથી સવારે ૮ કલાકે શોભાયાત્રા નીકળશે તથા સવારે ૯ કલાકે ગાયત્રી યજ્ઞ યોજાશે.

● ગુજરાત રાજય અન્ન આયોગની સે-૧૭માં ટાઉનહોલની બાજુમાં નવનિર્મિત કચેરીનો મુખ્યમંત્રીના હસ્તે બપોરે ૧૨.૩૦ કલાકે શુભારંભ કરાશે તથા પરિસંવાદ યોજાશે.

● સે-૨૪માં આદર્શનગર પીળા પટ્ટા ખાતે આયોજિત શિવકથામાં બપોરે ૩.૩૦થી સાંજના ૬.૩૦ કલાક દરમિયાન શિવ વિવાહ મહોત્સવના દર્શનનો લાભ ભકતો મેળવી શકશે.

● સે-૩સી શકિતચોક ખાતે બપોરે ૩ કલાકે મધુબેન કડીકરના કંઠે આનંદનો ગરબો યોજાશે.

## વાતવાતમાં

● કોબા ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા પ્રવિણભાઈ સી. ઠાકરને જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા સર્કલ ઈન્સ્પેકટરમાં પ્રમોશન મળતા તેમનો વિદાય સમારંભ ગોઠવવામાં આવેલ હતો. આ પ્રસંગે કોલવડા ગામના વતની તાલુકા પંચાયતના સર્કલ ઈન્સ્પેકટર હરિભાઈ પટેલ તથા કોબા ગામના સરપંચ યોગેશભાઈ નાયી, ઉપસરપંચ કાર્તિકભાઈ ડાભી, નવનિયુકત તલાટી સચિનભાઈ પટેલ તથા ગ્રામ પંચાયતના સભ્યો તથા ગ્રામજનોએ પ્રવિણભાઈનો તેમની સેવાઓ બદલ ગ્રામજનોએ આભાર માની તેમની કામગીરીને બિરદાવી હતી.

● ગઈ કાલે સાંજે વૃધ્ધ દંપતિ પોતાના ૨ વર્ષના પૌત્ર સાથે ચરેડીથી પેથાપુર રોડ પર પસાર થઈ રહ્યા હતા તે સમયે તેમના સ્કૂટરનું પાછલું વ્હીલ નીકળી જતા તેઓ ત્રણે રોડ ઉપર પછડાયા હતા. ટ્રક, ખટારા, બસ જેવા ભારે વાહનોની વધુ પડતી અવરજવર રહેતી હોવા છતાં સદનસીબે તેઓ બચી ગયા હતા. માત્ર થોડી શારિરીક ઈજાઓ થઈ પરંતુ રાહદારીઓએ વાહન અવર જવરને રોકી માનવતાનું ઉત્તમ ઉદાહરણ રજુ કર્યું હતું.

## પેથાપુરમાં ૪૯ વર્ષીય પ્રૌઢે ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરને અડીને આવેલા પેથાપુર ખાતે મોટી શેરીમાં રહેતા ૪૯ વર્ષીય દિલીપસિંહ કાળુસિંહ ડાભી ગઈ રાત્રે પરીવાર સાથે ઘરે સુઈ ગયા હતા. સવારે છ વાગ્યાના અરસામાં તેમનો દિકરો રાજેન્દ્રસિંહ પથારીમાંથી ઉઠયો તે પ્રૌઢ પિતાને લટકતી હાલતમાં જોઈ દંગ રહી ગયો હતો. કોઈ અગમ્ય કારણોસર દિલપીસિંહ ડાભીએ રાત્રિ દરમિયાન ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. દિકરાએ પેથાપુર પોલિસને ઘટનાની જાણ કરતા જમાદાર બાબુલાલ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. કાનજીભાઈ રામજીભાઈ પટેલ, ઉ.વ. ૭૬
- શાંતાબેન બાબુભાઈ પટેલ, ઉ.વ. ૬૦
- સ્વ. ડાભી દિલીપસિંહ કાળુસિંહ, ઉ.વ. ૪૯